રજિસ્ટર સં. ડીએલ.-(એન)૦૪/2003-20REGISTERED NO.DL-(N)04/0007/2003-20

# ભારતનું રાજપત્ર
# THE GAZETTE OF INDIA

સી.જી.-ડી.એલ.-અ.-૨૭૦૯૨૦૨૦-૨૨૨૦૪૦
CG-DL-E-27092020-222040

અસાધારણ
EXTRAORDINARY
ભાગ II - ખંડ 1
PART II - Section 1
સત્તાધિકારી દ્વારા પ્રકાશિત
PUBLISHED BY AUTHORITY

સં. 45] નવી દિલ્હી, રવિવાર, સપ્ટેમ્બર 27,2020/અશ્વિન૫, ૧૯૪૨ (શક)

No. 45] NEW DELHI, SUNDAY, SEPTEMBER 27, 2020/ ASHWIN 5, 1942 (SAKA)

આ ભાગને અલગ પૃષ્ઠ ક્રમ આપવામાં આવ્યા છે જેથી તે અલગ સંકલિત સ્વરૂપમાં રાખી શકાય.
Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

## કાયદો અને ન્યાય મંત્રાલય

**(વૈધાનિક વિભાગ)**

નવી દિલ્હી, રવિવાર, સપ્ટેમ્બર 27,2020/અશ્વિન ૫, ૧૯૪૨ (શક)

**સંસદના નીચેના અધિનિયમને 24 સપ્ટેમ્બર 2020 ના રોજ રાષ્ટ્રપતિને ઉચ્ચારણ મળ્યો અને તે સામાન્ય માહિતી માટે અહીં પ્રકાશિત કરવામાં આવ્યો**

## કૃષિ (સશક્તિકરણ અને સંરક્ષણ) કિંમત બાંયધરી અને ફાર્મ સેવાઓ પર કરારનાઅધિનિયમ, ૨૦૨૦,

**[**24સપ્ટેમ્બર,2020 **]**

# ૨૦૨૦ ની સંખ્યા ૨૦ ની

આ અધિનિયમ ખેતીને લગતા કરારો પર એવું રાષ્ટ્રીય માળખું ઊભું કરવાની જોગવાઈ કરે છે કે જેમાં તે કૃષિ વ્યવસાય કરતી પેઢીઓ, તેને લગતી પ્રક્રિયા કરનારાઓ, જથ્થાબંધ વેપારીઓ, નિકાસકારો અને મોટા છૂટક વેપારીઓ સાથે કામકાજ કરતા ખેડૂતોનું સંરક્ષણ અને સશક્તિકરણ થાય અને ભવિષ્યની કૃષિ ઊપજ અંગેની સેવાઓ અને વેચાણઅને ખેતી સાથે સંકળાયેલી તથા તેને લગતી આનુષંગિક બાબતો માટે પરસ્પર સંમતિથી વાજબી અને પારદર્શક રીતે લાભપ્રદ કિંમતનું માળખું બને

## પ્રકરણ ૧

## પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમને કૃષિ ઊપજ વ્યાપાર અને વાણિજ્ય (સંવર્ધન અને સુવિધા) અધિનિયમ,૨૦૨૦, કહેવામાં આવશે. ટૂંકુ શીર્ષક અને પ્રારંભ

(૨) તે 5 જૂન, 2020 ના રોજ અમલમાં આવ્યું હોવાનું માનવામાં આવશે.

૨. આ અધિનિયમમાં, જ્યાં સુધી બીજો કોઈ સંદર્ભ આપવામાં ન આવે, ત્યાં સુધી નીચેની બાબતો જરૂરી રહેશે- વ્યાખ્યાઓ

(ક) 'કૃષિ ઊપજ' એટલે, -

(i) ખાદ્યપદાર્થો કે જેમાં ઘઉં, ચોખા અને અન્ય સામાન્ય અનાજ બીજ, દાળ, ખાદ્ય તેલીબિયાં, તેલ, શાકભાજી, ફળો, સૂકોમેવો, મસાલા, શેરડી અને પાળેલાં મરઘાં ઉછેર, ડુક્કર ઉછેર, બકરાં પાલન, માછીમારી અને ડેરી વગેરે કે જે માણસના આહાર માટે તેના પ્રાકૃતિક કે પ્રક્રિયા કરેલા સ્વરૂપમાં રાખવામાં આવ્યા હોય.

(ii) પશુઓ માટેનો ઘાસચારો કે જેમાં ખોળ કે અન્ય મિશ્રણ જેવા પદાર્થો;

(iii) કાચો કપાસ, પીંજેલું કે ન પીંજેલું;

(iv) રૂ, કપાસિયા અને કાચું શણ;

(ખ) "એપીએમસી યાર્ડ" એટલે કોઈપણ રાજ્યના અધિનિયમ હેઠળ કૃષિ ઊપજની બજાર અને વેપાર માટે સ્થપાયેલી કૃષિ ઊપજ બજાર સમિતિ યાર્ડ, કેકોઈપણ નામે ઓળખાતી હોય એ ભૌતિક જગ્યા.

૨૦૧૩ ની ૧૮

(ગ) "કંપની" એટલે કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૨ ના ખંડ (૨૦) માં વ્યાખ્યાયિત કંપની;

(ઘ) "ઈલેક્ટ્રોનિક ટ્રેડીંગ એન્ડ ટ્રાન્ઝેક્શન પ્લેટફોર્મ" નો અર્થ છે એક એવું પ્લેટફોર્મ કે જેની અંદર ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને ઈન્ટરનેટના ઉપયોગના નેટવર્ક દ્વારા ખેતીની ઊપજના વ્યાપાર અને વાણિજ્યના સંચાલન માટે પ્રત્યક્ષ અને ઓનલાઈન ખરીદ વેચાણને સ્વાભાવિક અને સરળ બનાવવામાં આવે છે જેને લીધે કૃષિ ઉપજની આવી પ્રત્યેક લેવડદેવડનું ખરેખર વિતરણ થાય છે, જ્યાં આવી પ્રત્યેક લેવડદેવડમાં ખેતીની ઊપજની વાસ્તવિક સોંપણી કરવામાં આવે છે.

(ઙ) "ખેતીની સેવાઓ" માં ખેતી માટે બીજનો પુરવઠો, ખોરાક, ચારો, કૃષિ-રસાયણો, યંત્ર સામગ્રી અને પ્રૌદ્યોગિકી, સલાહ, બિન-રાસાયણિક કૃષિ-ઉત્પાદક સામગ્રી અને આવી અન્ય ઉત્પાદક સામગ્રીનો સમાવેશ થાય છે.

(ચ) "ખેડૂત" એટલે એવી વ્યક્તિ કે જે જાતે અથવા ભાડે રાખેલા શ્રમિકો દ્વારા ખેતીની ઊપજનું અને ઉત્પાદનને લગતું કામકાજ કરે છે અથવા તો તેમાં કૃષિ ઉત્પાદક સંગઠનનો પણ સમાવેશ થાય છે;

(છ) "કૃષિ ઉત્પાદક સંગઠન" એટલે કોઈપણ નામે ઓળખાતી ખેડૂતોની મંડળી અથવા સમૂહ, -

(i) જે તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ જેની નોંધણી થઇ હોય અથવા

(ii) કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા પ્રાયોજિત કાર્યક્રમ અથવા તે હેઠળ સંવર્ધિત કોઈપણ યોજના;

(જ) "ખેતી કરાર" એટલે કોઈ ખેડૂત અને કોઈ પ્રયોજક વચ્ચે, અથવા કોઈ ખેડૂત, કોઈ પ્રયોજક અને કોઈ ત્રાહિત પક્ષ વચ્ચે પૂર્વનિર્ધારિત ગુણવત્તા ધરાવે તેવો અને ખેતીની ઊપજ અથવા પાલનને લગતું કોઈ ઉત્પાદન થયા પૂર્વે કે જેમાં પ્રયોજક ખેતીની એવી ઊપજ ખેડૂત પાસેથી ખરીદ કરવા અને તેને ફાર્મ સેવાઓ પૂરી પાડવા સંમત થયા હોય એવો લેખિત કરાર.

સ્પષ્ટીકરણ:- આ ખંડના હેતુ માટે 'ખેતી કરાર' શબ્દોમાં નીચે દર્શાવેલી બાબતોનો સમાવેશ થઇ શકે -

(i) 'વેપાર અને વાણિજ્ય કરાર', કે જેમાં ઉત્પાદન થાય તે દરમિયાન વેપારની ચીજવસ્તુની માલિકી ખેડૂત પાસે રહે છે અને જયારે તે પ્રયોજક સાથેની નિયત શરતો મુજબ તેની સોંપણી કરે ત્યારે તે ઊપજની કિંમત મેળવે છે.

(ii) 'ઉત્પાદન કરાર', કે જેમાં પ્રયોજક, સંપૂર્ણપણે કે આંશિક રીતે ફાર્મ સેવાઓ પૂરી પાડવા અને પેદાશનું જોખમ સહન કરવા સંમત થાય છે, પરંતુ તે એવા ખેડૂતને તેણે કરેલી મહેનત માટે ચુકવણી કરવા સંમત થાય છે; અને

(iii) આવા અન્ય કરારો અથવા ઉપર દર્શાવેલા કરારોનું સંયોજન.

૧
૯ (ઝ) "પેઢી" એટલે ભારતીય ભાગીદારી અધિ- નિયમ, ૧૯૩૨, મુજબ
૩ વ્યાખ્યાયિત પેઢી;

૨
ની
૯

(ઞ) "કુદરતી આપત્તિ" એટલે કોઈપણ અણધારી બાહ્ય ઘટના, જેમાં પૂર, દુષ્કાળ, ખરાબ હવામાન, ધરતીકંપ, રોગચાળો ફાટી નીકળવો, જીવજંતુ ઉપદ્રવ અને એવા અન્ય બનાવો, કે જે અનિવાર્ય હોય અને જે ખેતી કરાર કર્યો હોય તેવા પક્ષકારોના નિયંત્રણની બહારના હોય;

(ટ) "અધિસૂચના" એટલે કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારો, જે પણ બાબત હોય, દ્વારા સરકારી રાજપત્રમાં પ્રકાશિત કરેલી, અધિસૂચના અને તથા "નિર્દિષ્ટ કરેલી" શબ્દપ્રયોગનો અર્થ પણ તદનુસાર તે પ્રમાણે કરવાનો રહેશે;

(ઠ) "વ્યક્તિ" શબ્દમાં નીચેનાનો સમાવેશ થાય છે-

(ક) સંબંધિત વ્યક્તિ;

(ખ) ભાગીદારી પેઢી;

(ગ) કંપની;

(ઘ)મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી;

(ઙ) સહકારી મંડળી

(ચ) સોસાયટી; અથવા

(છ) કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર દ્વારા સંચાલિત કાર્યક્રમ હેઠળ સંસ્થાપિત અથવા માન્યતા પ્રાપ્ત એવું કોઈપણ મંડળ અથવા વ્યક્તિઓનો એવો સમૂહ;

(ડ) "નિયત" એટલે આ અધિનિયમ હેઠળ બનાવવામાં આવેલા નિર્ધારિત

નિયમો;

(ણ) "નોંધણી સત્તાધિકારી" એટલે રાજ્ય સરકાર દ્વારા કલમ ૧૨ હેઠળ નિર્દિષ્ટ સત્તાધિકારી.

(ત) "પ્રયોજક" એટલે એવી કોઈ વ્યક્તિ કે જેણે ખેતીની ઊપજ ખરીદવા માટે ખેડૂત સાથે ખેતી કરાર કર્યો હોય.

(થ) "રાજ્ય"માં કેન્દ્રશાસિત સંઘ પ્રદેશનો સમાવેશ થાય છે.

## પ્રકરણ II

## ખેતી કરાર

ખેતી કરાર અને તેનો સમયગાળો

૩. (૧) ખેડૂત કોઈપણ ખેતીની ઊપજના સંદર્ભમાં ખેતી કરાર કરી શકે છે અને આવા કરારમાં નીચે મુજબની જોગવાઈ હોઈ શકે છે-

(ક) આવી ઊપજના પુરવઠા માટેની શરતો કે જેમાં પુરવઠો પૂરો પાડવાનો સમય, ગુણવત્તા, કક્ષા, ધોરણો, કિંમત અને એવી બીજી બાબતોનો સમાવેશ થાય છે; અને

(ખ) ખેતી સંબંધિત સેવાઓ પૂરી પાડવાની સમય મર્યાદા:

એ શરતે કે આવી ફાર્મ સેવાઓ આપવાની કાનૂની જરૂરિયાતનું પાલન કરવાની જવાબદારી પ્રયોજકની અથવા તો ફાર્મ સેવા પૂરી પાડનારની, જે પણ બાબત હોય, રહેશે,

(૨) કોઈ ખેડૂત આ ખંડ હેઠળ પાક ભાગિયાના હક્કોનો અનાદર થાય તેવો ખેતી કરાર કરશે નહીં.

સ્પષ્ટીકરણ:- આ પેટા કલમના હેતુઓ માટે, 'પાક ભાગિયો' શબ્દો એટલે ખેતી કરનાર અથવા ફાર્મની જમીનનો ભોગવટો કરનાર કે જે ઔપચારિક રીતે અથવા અનૌપચારિક રીતે ખેતી ઊપજને ઉગાડવા કે પાલન કરવા માટે પાકનો નિયત ભાગ

આપવા અથવા જમીનના માલિકને નિયત રકમ આપવા માટે સંમત થયો હોય છે.

(૩) ખેતી કરારની ન્યૂનતમ મુદત પાકની એક મોસમ અથવા પશુધનનું એક ઉત્પાદન ચક્ર, જે બાબત હોય તે, અને મહત્તમ મુદત પાંચ વર્ષની રહેશે:

એ શરતે કે જ્યાં કોઈપણ ખેતી ઊપજનું ઉત્પાદન ચક્ર વધારે લાંબુ હોય અને જો તે પાંચ વર્ષથી વધારે ચાલે તેવું હોય, તો તેવા કિસ્સામાં, ખેતી કરારની મહત્તમ મુદત ખેડૂત અને પ્રયોજક પરસ્પર નક્કી કરે તે હોઈ શકે અને તેનો ખેતી કરારમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવાનો રહેશે.

(૪) ખેડૂતોને લેખિત ખેતી કરાર કરવામાં સરળતા રહે તે હેતુ માટે, કેન્દ્ર સરકાર તેને યોગ્ય લાગે તેવી રીતે ખેતી કરારના નમૂના સાથે જરૂરી માર્ગદર્શક સૂચના બહાર પાડી શકે છે.

ખેતી ઊપજની ગુણવત્તા કક્ષા અને ધોરણો

૪.(૧) જે પક્ષો ખેતી કરાર કરે છે તેઓ ખેતીની ઊપજ માટે પરસ્પર સ્વીકાર્ય હોય તેવી જરૂરી ગુણવત્તા, કક્ષા અને ધોરણો નક્કી કરે જેનું અનુપાલન કરવાનું છે તેને એવા કરારની શરત તરીકે દર્શાવી શકે.

(૨) પેટા-કલમ (૧) ના હેતુ માટે, પક્ષો નીચે મુજબની ગુણવત્તા, કક્ષા અને ધોરણો અપનાવી શકે -

(ક) કે જે કૃષિવિજ્ઞાનની પ્રથા, કૃષિ આબોહવા અને એવાં બીજાં પરિબળો સાથે સુસંગત હોય; અથવા

(ખ) આ હેતુ માટે રાજ્ય સરકારની એજન્સી અથવા કેન્દ્ર સરકારની એજન્સીએ, અથવા આ સરકાર દ્વારા અધિકૃત કોઈપણ એજન્સીએ ઘડેલાં ધારાધોરણો,

અને સ્પષ્ટપણે એવી ગુણવત્તા, કક્ષા અને ધોરણો દર્શાવતો હોય તેવો ખેતી કરાર:

(૩) ખેતી કરારમાં કીટનાશક શેષ, અનાજ સલામતીના ધોરણો, ખેતીની સારી

પ્રણાલી અને કામદાર અને સામાજિક વિકાસના ધોરણો પણ ગુણવત્તા, કક્ષા અને ધોરણોમાં અપનાવી શકાય.

(૪) ખેતી કરાર કરનારા પક્ષોને, ખેતીની કે ઉછેરની પ્રક્રિયા દરમિયાન અથવા તો સોંપણીના સમયે, પરસ્પર સ્વીકાર્ય ગુણવત્તા, કક્ષા અને ધોરણો પર દેખરેખ રાખવા માટે અને પ્રમાણિત કરવા માટે લાયક, ચકાસે એવો ત્રાહિત પક્ષ હોય કે જે નિષ્પક્ષતા તથા ઔચિત્ય સુનિશ્ચિત કરે, એવી શરતની જરૂર પડી શકે છે

ખેતી ઉપજની કિંમતનું નિર્ધારણ

૫. ખેતી ઊપજની ખરીદી માટે ચુકવવાની થતી કિંમત ખેતી કરારમાં જ નિર્ધારિત કરી શકાય છે અને દર્શાવી શકાય છે, અને જો આવી કિંમત ફેરફારને અધીન હોય તો, એવું કરારમાં સ્પષ્ટપણે દર્શાવવું જોઈએ કે -

(ક) એવી ઊપજ માટે ચુકવવાની થતી બાંયધરી- કૃત કિંમત;

(ખ) બાયધરીકૃત કિંમત કરતાં વધારાની પ્રત્યક્ષ કિંમતનો સંદર્ભ, જેમાં બોનસ અને પ્રીમિયમનો પણ સમાવેશ થાય છે, ખેડૂત માટે ઉત્તમ મૂલ્ય સુનિશ્ચિત કરવા અને એવી કિંમતનો સંદર્ભ નિર્દિષ્ટ એપીએમસી યાર્ડ અથવા ઈલેક્ટ્રોનિક વેપાર અને લેવડદેવડ પ્લેટફોર્મની પ્રવર્તમાન કિંમત સાથે અથવા કોઈપણ ઉચિત માપદંડ ધરાવતી કિંમત સાથે જોડી શકાય:

એ શરતે કે ખેતી કરારમાં આવી કિંમતનું નિર્ધારણ કરવાની પધ્ધતિ અથવા બાંયધરીકૃત કિંમત અથવા વધારાની રકમ જોડવામાં આવી હોય.

ખેતી ઊપજનું વેચાણ અથવા ખરીદી

૬. (૧) જ્યાં, ખેતી કરાર હેઠળ, કોઈપણ ખેતી ઊપજની સોંપણી નીચેની રીતે થવાની હોય -

(ક) પેઢીના દરવાજેથી પ્રયોજક દ્વારા લેવાની હોય, ત્યારે તેણે એવી સોંપણી નિયત સમયની અંદર લેવાની રહેશે.

(ખ) તેનો અમલ ખેડૂત દ્વારા થવાની હોય અને એવી સોંપણી કરવામાં આવે ત્યારે તેને સમયસર સ્વીકારવાની બધી તૈયારી સુનિશ્ચિત કરવાની જવાબદારી

પ્રાયોજકની રહેશે.

(૨)પ્રયોજક, ખેતી ઊપજની સોંપણી સ્વીકારતા પહેલાં, ગુણવત્તાનું અથવા ખેતી કરારમાં આવી ઊપજ અંગેની નિર્દિષ્ટ વિશેષતાઓનું નિરીક્ષણ કરી શકે છે, અન્યથા, એ ઊપજનું નિરીક્ષણ તેણે કરી લીધું છે એમ માની લેવામાં આવશે અને એવી ઊપજની સોંપણીના સમયે કે ત્યારબાદ તેનો સ્વીકાર કરવાની કબૂલાત પાછી ખેંચવાનો તેને કોઈ અધિકાર રહેશે નહીં.

(૩) પ્રયોજક -

(ક) જ્યાં ખેતી કરાર બીજ ઉત્પાદન સાથે સંબંધ ધરાવતો હોય ત્યાં, સોંપણી સમયે નિયત રકમના બે-તૃતીયાંશથી ઓછી નહીં એવી રકમની ચુકવણી કરશે અને બાકીની રકમની ચુકવણી ઉચિત પ્રમાણીકરણ કર્યા પછી કરશે, પરંતુ સોંપણી કર્યાના ત્રીસ દિવસની અંદર કરશે;

(ખ) અન્ય કિસ્સામાં, નિયત રકમની ચુકવણી ખેતી ઊપજની સોંપણી સ્વીકારવામાં આવે ત્યારે કરશે અને તેના વેચાણની ઊપજની વિગતોની પહોંચ કાઢી આપશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ રાજ્ય સરકાર ખેડૂતને કઈ રીતે ચુકવણી કરવામાં આવશે તેનો પ્રકાર અને રીત નિયત કરી શકે છે.

ખેતી ઊપજના સંદર્ભમાં મુક્તિ

૭. (૧) જ્યાં આ અધિનિયમ હેઠળ કોઈપણ ખેતી ઊપજના સંદર્ભમાં ખેતી કરાર કરવામાં આવે ત્યાં, આવી ઊપજને આવી ખેતી ઊપજના ખરીદ અને વેચાણનું નિયમન કરવાના હેતુથી સ્થાપિત કરવામાં આવેલા રાજ્યના કોઈપણ અધિનિયમનો, ભલે તે ગમે તે નામે ઓળખાતો હોય, અમલ કરવામાંથી મુક્તિ આપવામાં આવશે,

૧
૯ (૨) આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ માં સમાવિષ્ટ અથવા તેની
૫ હેઠળ બહાર પાડવામાં આવેલો કોઈપણ નિયંત્રણ હુકમ અથવા જે તે સમયે

૫ નો ૧૦ અમલમાં હોય તેવો અન્ય કોઈપણ કાયદો, માલ રાખવાની મર્યાદા સંબંધિત જવાબદારી આવી ખેતી ઊપજના જથ્થાને લાગુ પડશે નહીં કેમ કે તેને આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર ખેતી કરાર હેઠળ ખરીદવામાં આવ્યો છે.

**ખેડૂતની જમીન અથવા જગ્યા પર માલિકી હક્ક પ્રાપ્ત કરતા કે કાયમી સુધારાવધારા કરતા પ્રયોજક પર મનાઈ**

૮.નીચે દર્શાવેલા હેતુ માટે ખેતી કરાર થઇ શકશે નહીં -

(ક) ખેડૂતની જમીન અથવા જગ્યાની કોઈપણ તબદીલી, વેચાણ, ભાડાપટ્ટો અને ગીરો; અથવા

(ખ) ખેડૂતની જમીન અથવા જગ્યા પર કોઈ કાયમી માળખું ઊભું કરવું અથવા તેના પર સુધારાવધારા કરવા, સિવાય કે કરારને અંતે અથવા નિયત મુદતની સમાપ્તિ પર, જે પણ બાબત હોય તેમાં, પ્રયોજક પોતાને ખર્ચે એવું માળખું દૂર કરવા અથવા જમીનને તેની મૂળ સ્થિતિમાં પુનઃસ્થાપિત કરી આપવા સંમત થાય:

એ શરતે કે જ્યાં સમજૂતી મુજબ પ્રયોજક દ્વારા કરારના અંત પછી અથવા કરારની નિયત મુદત પૂરી થયા પછી, જે પણ બાબત હોય, આવું માળખું દૂર ન કરવામાં આવ્યું હોય તો તે ખેડૂતના કબજામાં રહેશે.

**ખેતી કરારનું વીમા અથવા ધિરાણ સાથે જોડાણ**

૯. ખેડૂત અથવા પ્રયોજક અથવા બંને પરના જોખમમાં ઘટાડાને અને ધિરાણના પ્રવાહને સુનિશ્ચિત કરવા માટે ખેતી કરારના વીમા અથવા ધિરાણ દસ્તાવેજને કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કોઈપણ નાણાંકીય સેવાઓ આપનારની કોઈપણ યોજના હેઠળ જોડી શકાય.

**ખેતી કરારના અન્ય પક્ષો**

૧૦. આ અધિનિયમમાં કરવામાં આવેલી જોગવાઈ સિવાય બીજું કાંઇ ન જણાવવામાં આવ્યું હોય તો, એકત્રીકરણ કરનાર અથવા ફાર્મ સેવાઓ પૂરી પાડનાર ખેતી કરારનો પક્ષકાર બની શકે અને એવા કિસ્સામાં, એવા એકત્રીકરણ કરનારની ભૂમિકા અને સેવાઓ અથવા ફાર્મ સેવાઓ પૂરી પાડનારનો ખેતી કરારમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવાનો રહેશે.

સ્પષ્ટીકરણ:- આ ખંડના હેતુઓ માટે, -

(i) "એકત્રીકરણ કરનાર" એટલે એવી કોઈપણ વ્યક્તિ, ખેડૂત ઉત્પાદક સંગઠન સહિત, કે જે ખેડૂત અથવા ખેડૂતોના સમૂહ અને પ્રયોજક વચ્ચે મધ્યસ્થી તરીકે કાર્ય કરે અને ખેડૂતો અને પ્રયોજક, બંનેને, એકત્રીકરણ સંબંધી સેવાઓ પૂરી પાડે;

(ii) "ફાર્મ સેવાઓ પૂરી પાડનાર" એટલે એવી કોઈપણ વ્યક્તિ કે જે ફાર્મ સેવાઓ પૂરી પાડે છે.

ખેતી કરારમાં ફેરફાર અથવા અંત.

૧૧. ખેતી કરાર કર્યા પછી ગમે ત્યારે, આવા કરારના પક્ષકારો, પરસ્પર સંમતિ દ્વારા, કોઈ વાજબી કારણસર એવા કરારમાં ફેરફાર કરી શકે છે અથવા તેનો અંત લાવી શકે છે.

નોંધણી સત્તાધિકારીની સ્થાપના

૧૨. (૧) જે રાજ્ય ખેતી કરારોની નોંધણી માટે સુવિધાજનક રૂપરેખા પૂરી પાડતી હોય તેને માટે રાજ્ય સરકાર ઈલેક્ટ્રોનિક નોંધણી કરાવવા માટે નોંધણી સત્તાધિકારી નિર્દિષ્ટ કરી શકે છે.

(૨) નોંધણી સત્તાધિકારીનું બંધારણ, પતાવટ, સત્તા અને કાર્યો અને નોંધણીની કાર્યપદ્ધતિ રાજ્ય સરકાર જે નિયત કરે તે મુજબની રહેશે.

## પ્રકરણ III

## તકરારનું સમાધાન

તકરારના સમાધાન માટે સમાધાન બોર્ડ

૧૩. (૧) પ્રત્યેક ખેતી કરાર સ્પષ્ટપણે સમાધાનની પ્રક્રિયાની જોગવાઈ કરશે અને તેમાં કરારના પક્ષકારોના પ્રતિનિધિઓના બનેલા સમાધાન બોર્ડની રચના કરશે.

એ શરતે કે આવા સમાધાન બોર્ડમાં પક્ષકારોનું પ્રતિનિધિત્વ વાજબી અને સંતુલિત રહેશે.

(૨) કોઈપણ ખેતી કરારમાં તકરાર ઊભી થઈ હોય ત્યારે તે અંગે નિર્ણય લેવા માટે પ્રથમ તેને ખેતી કરારની જોગવાઈ મુજબ રચવામાં આવેલા સમાધાન બોર્ડને સોંપવામાં આવશે અને આવું બોર્ડ એવી તકરારનું સમાધાન થાય તે માટે દરેક પ્રયાસ

કરશે.

(૩) જ્યાં, કોઈ તકરારના સંદર્ભમાં, સમાધાનની કાર્યવાહી દરમિયાન કોઈ સમાધાન પર પહોંચવામાં આવે, ત્યારે તદનુસાર સમાધાનનો યાદી-પત્ર લખવામાં આવશે જેમાં એવી તકરારના પક્ષકારો સહી કરશે અને એવું સમાધાન પક્ષકારોને બંધનકર્તા રહેશે.

તકરાર નિવારણ માટેની પદ્ધતિ

૧૪. (૧) જ્યાં કલમ ૧૩ ની પેટા-કલમ (૧) હેઠળ આવશ્યકતા મુજબ ખેતી કરારમાં સમાધાનની પ્રક્રિયાની જોગવાઈ ન કરવામાં આવી હોય, અથવા તો ખેતી કરારના પક્ષકારો આ કલમ હેઠળ ત્રીસ દિવસના સમયગાળામાં તેઓની તકરારનું સમાધાન કરવામાં નિષ્ફળ રહે, તો, એવો કોઈપણ પક્ષકાર સંબંધિત ઉપ-વિભાગીય મેજિસ્ટ્રેટને રજૂઆત કરી શકે છે જે ખેતી કરાર હેઠળ તકરાર નિર્ણાયક ઉપ-વિભાગીય સત્તાધિકારી રહેશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ તકરાર મળે એટલે, ઉપ-વિભાગીય સત્તાધિકારી નીચે દર્શાવેલી કાર્યવાહી કરી શકે, જો -

(ક) ખેતી કરારમાં સમાધાનની પ્રક્રિયાની જોગવાઈ ન કરી હોય તો એવી તકરારનું સમાધાન કરવા માટે સમાધાન બોર્ડની રચના કરી શકે; અથવા

(ખ) પક્ષકારો સમાધાનની પ્રક્રિયા દ્વારા પોતાની તકરારનું સમાધાન કરવામાં નિષ્ફળ રહે તો, પક્ષકારોને સાંભળવાની વાજબી તક આપ્યા પછી એવી તકરાર પ્રાપ્ત થયાના ત્રીસ દિવસની અંદર તકરાર વિષે સંક્ષેપમાં નિર્ણય કરી શકે, અને તકરાર હેઠળની રકમની, તેને ઉચિત લાગે તેટલા દંડ અને વ્યાજ સહિત, વસૂલાત કરવા માટેનો હુકમ નીચે દર્શાવેલી શરતોને આધીન રહીને કરી શકે, એટલે કે:-

(i) જ્યાં ખેડૂતને તેની લેણી રકમ ચુકવવામાં પ્રયોજક નિષ્ફળ રહે, ત્યાં લેણી થતી રકમની દોઢગણી રકમ સુધીનો દંડ કરી શકે;

(ii) જયારે પ્રયોજકે કરેલી અગ્રિમ ચુકવણી અથવા ઉત્પાદક સામગ્રીની કિંમતને કારણે તેની લેણી નીકળતી રકમ વસૂલ કરવાનો હુકમ ખેડૂત સામે હોય ત્યારે, ખેતી કરારની શરતો મુજબ, એવી રકમ પ્રયોજકે કરેલા વાસ્તવિક ખર્ચ કરતાં વધશે નહીં;

(iii) જ્યારે તકરાર ઊભી થઈ હોય તેવો ખેતી કરાર આ અધિનિયમની

જોગવાઈઓનું ઉલ્લંઘન કરતો હોય, અથવા કુદરતી આપત્તિને કારણે ખેડૂત કસૂરવાર હોય, ત્યારે એ ખેડૂત વિરુદ્ધ રકમની વસૂલાતનો કોઈ હુકમ કરવામાં નહીં આવે.

૧૯૦૮ની ૫

(૩) આ ખંડ હેઠળ ઉપ-વિભાગીય સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલા પ્રત્યેક હુકમની અસર દીવાની અદાલતના હુકમનામા જેવી જ રહેશે અને તેનો અમલ દીવાની કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮, હેઠળના હુકમનામા માટે દર્શાવેલી રીતની જેમ જ થઈ શકશે, જો પેટા-કલમ (૪) હેઠળ અરજ રજૂ ન કરવામાં આવી હોય તો.

(૪) જે કોઈ પક્ષકાર ઉપ-વિભાગીય સત્તાધિકારીના હુકમથી નારાજ હોય તે એવા હુકમની તારીખથી ત્રીસ દિવસની અંદર અપીલ સત્તાધિકારીને અપીલ કરી શકે છે, કે જેનું અધ્યક્ષ સ્થાન કલેકટર અથવા કલેકટર દ્વારા નામનિર્દિષ્ટ અધિક કલેકટર દ્વારા સાંભળવાનું રહેશે.

(૫) અપીલ સત્તાધિકારી અપીલનો નિકાલ ત્રીસ દિવસની અંદર કરશે.

૧૯૦૮ની ૫

(૬) આ ખંડ હેઠળ અપીલ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલો પ્રત્યેક હુકમની અસર દીવાની અદાલતના હુકમનામા જેવી જ રહેશે તેનો અમલ દીવાની કાર્યરીતિ સંહિતા, ૧૯૦૮, હેઠળના હુકમનામા માટે દર્શાવેલી રીતની જેમ જ થઈ શકશે.

(૭) ઉપ-વિભાગીય સત્તાધિકારી અથવા અપીલ સત્તાધિકારી દ્વારા, જે પણ હોય તેના, દ્વારા ચુકવવાપાત્ર રકમનો હુકમ કરવામાં આવ્યો હોય તેની વસૂલાત જમીન મહેસૂલની બાકી રકમની જેમ કરી શકાશે.

(૮) ઉપ-વિભાગીય સત્તાધિકારીને અથવા અપીલ સત્તાધિકારીને આ ખંડ હેઠળ તકરાર અંગે નિર્ણય કરતી વખતે, સોગંદ પર પુરાવો લેવો, સાક્ષીઓની હાજરીનો અમલ કરાવવો, દસ્તાવેજો અને મહત્વની સામગ્રી શોધવાનો અને રજૂ કરવાનો અમલ કરાવવો જેવા હેતુઓ માટે અને કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરવામાં આવે એવા અન્ય હેતુઓ માટે દીવાની અદાલતની બધી જ સત્તા રહેશે.

(૯) ઉપ-વિભાગીય સત્તાધિકારી સમક્ષ અરજ અથવા અરજી દાખલ કરવાની અને અપીલ સત્તાધિકારી સમક્ષ અપીલ કરવાની રીત અને કાર્યપદ્ધતિ કેન્દ્ર સરકાર નિયત કરે તે મુજબની રહેશે.

બાકી રકમની વસૂલાત માટે ખેડૂતની જમીન વિરુદ્ધ કોઈ કાર્યવાહી નહિ.

૧૫. કલમ ૧૪ માં ગમે તે જણાવવામાં આવ્યું હોય તો પણ તે કલમ હેઠળ કરવામાં આવેલા હુકમને અનુસરીને બાકી રકમની વસૂલાત માટે ખેડૂતની ખેતીની જમીન વિરુદ્ધ કોઈપણ કાર્યવાહી શરુ કરી શકાશે નહીં

## પ્રકરણ IV

## પ્રકીર્ણ

સૂચનાઓ આપવાની કેન્દ્ર સરકારની સત્તા

૧૬. આ અધિનિયમની જોગવાઈઓના અસરકારક અમલ માટે કેન્દ્ર સરકાર, સમય સમય પર, તેને આપવી જરૂરી લાગે એવી સૂચનાઓ રાજ્ય સરકારોને આપી શકે અને રાજ્ય સરકારો એવી સૂચનાઓનું અનુપાલન કરશે.

અધિનિયમ મુજબ સત્તાધિકારીઓ જાહેર સેવકો છે.

૧૭. આ અધિનિયમ હેઠળ રચાયેલા કે નિયત થયેલા બધા સત્તાધિકારીઓ, કે જેમાં નોંધણી સત્તાધિકારી, ઉપ-વિભાગીય સત્તાધિકારી અને અપીલ સત્તાધિકારીનો સમાવેશ થાય છે, ભારતીય દંડ સંહિતાની કલમ ૨૧ ના અર્થ પ્રમાણે માની લેવામાં આવેલા જાહેર સેવકો રહેશે .

૧૮૬૦ની ૪૫

સદભાવથી કરેલા કાર્ય સામે રક્ષણ

**૧૮. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, નોંધણી સત્તાધિકારી, ઉપ-વિભાગીય સત્તાધિકારી, અપીલ સત્તાધિકારી અથવા એવી કોઈ અન્ય વ્યક્તિ કે જેણે આ** અધિનિયમ **અથવા તેની હેઠળ બનાવેલા નિયમો અને હુકમોનો અમલ કરીને સદભાવથી તેનું પાલન કર્યું હોય અથવા તેનું પાલન કરવાનો આશય ધરાવતી હોય તેની સામે કોઈપણ દાવો, ફરિયાદ કરવી કે અન્ય કોઈ કાનૂની કાર્યવાહી કરવામાં નહીં આવે.**

દીવાની અદાલતની હકૂમત પર પ્રતિબંધ

૧૯. આ અધિનિયમ દ્વારા કે હેઠળ જે ઉપ-વિભાગીય સત્તાધિકારી અથવા અપીલ સત્તાધિકારીને એવી તકરારનો નિર્ણય કરવાની હકૂમત આપવામાં આવી હોય તેના સંદર્ભમાં કોઈ દીવાની અદાલતને દાવો સ્વીકારવાની અથવા કાર્યવાહી કરવાની હકૂમત રહેશે નહીં અને આ અધિનિયમ અથવા તેની અંદર બનાવવામાં આવેલા કોઈપણ કાયદા દ્વારા કે હેઠળ કરવામાં આવેલી કે કરવામાં આવનારી કાર્યવાહીના અનુસરણમાં કોઈપણ અદાલત અથવા અન્ય સત્તા મનાઈહુકમ આપશે નહીં.

ઉપરવટ બાબતો પર આ અધિનિયમની અસર

૨૦. આ અધિનિયમની જોગવાઈઓ, આ અધિનિયમ સિવાયના, જે તે સમયે અમલમાં હોય તેવા રાજ્યના કોઈપણ કાયદામાં અથવા કોઈપણ કાયદાની અસર ધરાવતા દસ્તાવેજમાં ગમે તેટલી અસંગતિ હોય તો પણ, અસરકારક રહેશે.

એ શરતે કે આ અધિનિયમ ના અમલમાં આવ્યાની તારીખ પહેલાં જે તે સમયે અમલમાં હોય તેવા રાજ્યના કોઈપણ કાયદા હેઠળ, અથવા તેની અંદર બનાવેલા કોઈપણ નિયમો હેઠળ, કરેલો ખેતી કરાર અથવા એવો કરાર, તેની મુદત મુજબના સમયગાળા સુધી કાયદામાન્ય ગણવાનું ચાલુ રહેશે.

શેરબજાર અને ક્લીયરીંગ કોર્પોરેશનને આ અધિનિયમ નથી પડતો.

૨૧. આ અધિનિયમમાં એવું કાંઇ નથી કે જે જામીનગીરી કરાર (વિનીયમન) અધિનિયમ,૧૯૫૬ હેઠળ માન્યતા પ્રાપ્ત શેરબજાર અને ક્લીયરીંગ કોર્પોરેશન અને તેની અંદર હાથ ધરેલી લેવડદેવડને લાગુ પડતું હોય.

૧૯૫૬ની ૪૨

૨૨. (૧) કેન્દ્ર સરકાર, આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવા માટે, સરકારી રાજપત્રમાં જાહેરનામા દ્વારા, નિયમો બનાવી શકે છે.

કાયદો બનાવવા ની કેન્દ્ર સરકારની સત્તા

(૨) ખાસ કરીને અને પૂર્વગ્રહ વગર સામાન્ય રીતે આગળ જણાવેલી સત્તા હેઠળ બનાવેલા નિયમો બધી અથવા નીચે દર્શાવેલી બાબતોમાંથી કોઈપણ બાબતની વ્યવસ્થા કરે છે, એટલે કે -

(ક) અન્ય હેતુઓ કે જેને માટે ઉપ-વિભાગીય સત્તાધિકારી અથવા અપીલ સત્તાધિકારીને કલમ ૧૪ ની પેટા-કલમ (૮) હેઠળ, દીવાની અદાલતની સત્તા રહેશે;

(ખ) કલમ ૧૪ ની પેટા-કલમ (૯) હેઠળ ઉપ-વિભાગીય સત્તાધિકારી અને અપીલ અધિકારી સમક્ષ અરજ અથવા અરજી દાખલ કરવાની રીત અને પ્રક્રિયા;

**(ગ) અન્ય કોઈપણ એવી બાબત કે જે નિયત કરવાની હોય કે નિયત કરવાની બાકી રહી ગઈ હોય અથવા જેના સંદર્ભમાં, કાયદા દ્વારા, કેન્દ્ર સરકાર દ્વારા, જોગવાઈ કરવાની બાકી હોય.**

**(૩) આ અધિનિયમ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા બનાવેલો પ્રત્યેક નિયમ, તે બની જાય ત્યારબાદ તાત્કાલિક તેને પ્રત્યેક સંસદ ભવનમાં જયારે તેનું સત્ર ચાલી રહ્યું હોય ત્યારે કુલ ૩૦ દિવસની અંદર રજૂ કરવામાં આવશે જેમાં એક સત્ર અથવા બે અથવા બેથી વધારે ક્રમિક સત્રનો સમાવેશ થશે અને જો ઉપર્યુક્ત ક્રમિક સત્ર અથવા સત્રો પછી તરત જ સત્ર સમાપ્ત થાય તે પહેલાં બંને ભવન નિયમોમાં સુધારાવધારા કરવા માટે સહમત થતા હોય અથવા બંને ભવન એ વાત સાથે સહમત થતા હોય કે આ નિયમો ન બનાવવો જોઈએ અને એ કે તદુપરાંત આ નિયમો ફક્ત એવા સુધારાવધારા કરેલા સ્વરૂપમાં જ અમલમાં આવશે અથવા અમલમાં નહીં આવે, જે પણ બાબત હોય, તો પણ આ અંગે કોઈપણ સુધારા અથવા લોપ એ નિયમની પૂર્વે આપવામાં આવેલી કોઈપણ માન્યતા અંગે કોઈ**

**પૂર્વગ્રહ વગર કરવામાં આવશે.**

૨૩. (૧) રાજ્ય સરકાર, સરકારી રાજપત્રમાં જાહેરનામા દ્વારા, આ અધિનિયમ ની જોગવાઈઓનો અમલ કરવા માટે નિયમો બનાવે શકે છે.

નિયમો બનાવવા ની રાજ્ય સરકારની સત્તા

(૨) ખાસ કરીને, અને પૂર્વોક્ત સત્તા માટે પૂર્વગ્રહ વગર અને સામાન્યપણે, આવા નિયમો નીચે દર્શાવેલી બધી અથવા કોઈપણ બાબતની જોગવાઈ કરી શકે, એટલે કે:-

(ક) કલમ ૬ ની પેટા-કલમ (૪) હેઠળ ખેડૂતને ચુકવણીની રીત અને પદ્ધતિ;

(ખ) નોંધણી સત્તાધિકારીની રચના, પતાવટ, સત્તા અને કાર્યો, અને કલમ ૧૨ ની પેટા-કલમ (૨) હેઠળ નોંધણીની પ્રક્રિયા;

(ગ) અન્ય કોઈપણ બાબત કે જે કાયદા દ્વારા, રાજ્ય સરકાર દ્વારા, નિયત કરવાની બાકી હોય કે નિયત કરવાની રહી ગઈ હોય.

(૩) રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવેલા પ્રત્યેક નિયમને, આ અધિનિયમ હેઠળ, જેવો તે બની જાય કે તરત જ, જ્યાં તે બે ભવનોનું બનેલું હોય ત્યાં પ્રત્યેક ભવનના રાજ્ય વિધાનમંડળ સમક્ષ અથવા જ્યાં આવું વિધાનમંડળ એક ભવનનું બનેલું હોય ત્યાં તે ભવન સમક્ષ રજૂ કરવામાં આવશે.

૨૪. (૧) જોઆઅધિનિયમનીજોગવાઈઓનોઅમલકરવામાંકોઈમુશ્કેલીનોસામનોકરવોપડતો હોયતોકેન્દ્રસરકારસરકારીરાજપત્રમાંપ્રકાશિતહુકમદ્વારાએવીજોગવાઈઓકરીશકેછે જેઅધિનિયમનીજોગવાઈઓસાથેઅસંગતનહોયઅનેજેમુશ્કેલી દૂરકરવામાટેજરૂરીજણાતીહોય:

મુશ્કેલી ઓદૂરકર વાનીસ ત્તા

(૨) આખંડમાંબનાવવામાંઆવેલીદરેકકલમ, તેનાબનાવ્યાપછીતરતજપ્રત્યેકસંસદભવનમાંરજૂ કરવામાંઆવશે.

૨૫. (૧)કૃષિ (સશક્તિકરણ અને સંરક્ષણ) કિંમત બાંયધરી અને ફાર્મ સેવાઓપર

કરારનાવટહુકમ**, ૨૦૨૦, આ દ્વારા રદ કરવામાં આવે છે**

(૨)આવા રદબાતલ સ્થાયી સાથે **નહીંકૃષિ (સશક્તિકરણ અને સંરક્ષણ) કિંમત બાંયધરી અને ફાર્મ સેવાઓપર કરારનાવટહુકમ,** ૨૦૨૦કાંઈ પણ કર્યું અથવા કોઈ પગલાં લીધાંઆ અધિનિયમની ગેરવાજબી જોગવાઈઓ હેઠળ કરવામાં આવેલ અથવા લેવામાં આવેલ હોવાનું માનવામાં આવશે

નિરસન અને બચત

**ડૉ. જી. નારાયણ રાજુ,**

**સચિવ, ભારત સરકાર.**